# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **હવામાન વિભાગે આજથી 27 ઓક્ટોબર સુધી રાજ્યમાં ભારે વરસાદને લઈને યેલો અલર્ટ જારી કર્યું**
2. **સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સ્પીડ પોસ્ટ સેવાઓ ટૂંક સમયમાં 24 થી 48 કલાકમાં પૂરી પાડવાની જાહેરાત કરી**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે**
4. **રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ તહેવારોને કારણે પ્રવાસીઓનો ભારે ધસારો**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# WEATHER

હવામાન વિભાગે આજથી 27 ઓક્ટોબર સુધી રાજ્યમાં ભારે વરસાદને લઈને યેલો અલર્ટ જારી કર્યું છે.

પૂર્વ મધ્યમ અરબસાગરમાં ડિપ્રેશન સક્રિય થયું હોવાને કારણે રાજ્યમાં આજથી 27 ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહીને પગલે દક્ષિણ ગુજરાતમાં LCS 3 જયારે સૌરાષ્ટ્રના દરિયા કિનારે DC 1 સિગ્નલ જારી કરાયું છે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે વધુ માહિતી આપી.

## બાઇટ – ડૉ.એ.કે.દાસ

દરમ્યાન ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આગાહીને પગલે વેરાવળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોને 27 ઓક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પતિનિધિ કરણ જોશી જણાવે છે કે ઓખા બંદરે ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી ૨૪ કલાકમાં પવનની ગતિ વધીને 55 કિમી પ્રતિ કલાક સુધી રહેવાની સંભાવના છે. જિલ્લામાં NDRFની ટીમ અને વહીવટી તંત્રને સાવધાન રહેવા સૂચના આપવામાં આવી છે.

---

# GUJARAT - GRAMIN DAK SEVA SAMMELAN

સંદેશા વ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જાહેરાત કરી છે કે, સ્પીડ પોસ્ટ સેવાઓ ટૂંક સમયમાં 24થી 48 કલાકમાં પૂરી પાડવામાં આવશે.

ગઇકાલે ગુજરાતના એકતા નગર ખાતે પશ્ચિમ ઝોનલ ગ્રામીણ ડાક સેવક સંમેલનમાં ગ્રામીણ ટપાલ કર્મચારીઓને સંબોધન કરતાં તેમણે આધુનિક યુગમાં ટપાલ કર્મચારીઓને એકતાનું સાચું પ્રતીક ગણાવ્યા.

તેમણે ટપાલ વિભાગને એક મજબૂત લોજિસ્ટિક્સ સંગઠન અને શાસનના સંકલન કેન્દ્રમાં રૂપાંતરિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે ગુજરાત , મહારાષ્ટ્ર અને રાજસ્થાન સહિત પાંચ પશ્ચિમી રાજ્યોના કામદારોને પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી.

શ્રી સિંધિયાએ નવા ખાતા ખોલવા અને ટપાલ અને વસ્તુઓની સમયસર પોંહચ સુનિશ્ચિત કરવામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ઘણા ગ્રામીણ ટપાલ કર્મચારીઓનું સન્માન કર્યું હતું.

---

# AIR SHOW

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા આવતીકાલે અમદાવાદમાં એર શો યોજાશે. વાયુસેના દ્વારા આકાશમાં અદભુત અને રોમાંચક કરતબોનું પ્રદર્શન કરશે.

દરમ્યાન ગઇકાલે મહેસાણા એરપોર્ટ ખાતે યોજાયેલા એર શોમાં નવ હોક વિમાનોએ દ્વારા રજૂ કરાયેલા ડાયમંડ ફોર્મેશન , તેજસની આકૃતિ સહિતના દિલધડક સ્ટંટ મહેસાણાના નગરજનોએ નિહાળ્યા હતા.

મહેસાણાનું આકાશ તિરંગાના રંગથી રંગાઈ ગયું હતું. આ પ્રસંગે ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ અને લોકસભાના સાંસદ હરિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

---

## RAJKOT ROJGAR MELO

દેશભરમાં ગઇકાલે યોજાયેલા રોજગાર મેળામાં રાજકોટના 100 ઉમેદવારોને નોકરીના નિમણૂક પત્રો અપાયા હતા.

સાંસદ પરસોત્તમ રૂપાલાની ઉપસ્થિતમાં રાજકોટ ખાતે યોજાયેલા આ રોજગાર મેળામાં સરકારના પોસ્ટ , રેલવે, ગૃહ વગેરે વિવિધ વિભાગોમાં નવ નિયુક્ત યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સાંસદ શ્રી રૂપાલાએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે,

## બાઇટ – પરસોત્તમ રૂપાલા

---

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## DIWALI VACATION – RUSH OF TOURISTS

રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ તહેવારોને કારણે શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. યાત્રાધામ દ્વારકામાં છેલ્લા છ દિવસમાં 4 લાખ 46 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ભગવાન દ્વારકાધીશના દર્શનનો લાભ લીધો.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે શ્રદ્ધાળુઓના ભારે ધસારાને પગલે તંત્ર અને ટ્રાફિક વિભાગ દ્વારા ભીડ નિયંત્રણ માટે ખાસ યોજના અમલમાં મૂકી છે. સુરક્ષાને ધ્યાને રાખી પોલીસ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

બીજી તરફ સોમનાથ મહાદેવના દર્શને મોટી સંખ્યામાં શ્રદ્ધાળઉઓ ઉમટી પડ્યા હતા. યાત્રાળુઓની સુવિધાને લઈને મુખ્ય પ્રવેશ માર્ગ સુધી બસ સેવા કાર્યરત કરાઈ છે.

દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના શ્રી ચામુંડા માતાના મંદિર ચોટીલા ખાતે પણ શ્રદ્ધાળૂઓનું ઘોડાપૂર જોવા મળ્યું છે , આ અંગે મંદિરના મહંત શ્રી અમૃતગિરિ બાપુએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ..

## બાઇટ – અમૃતગિરિ બાપુ – ચોટીલા

જ્યારે મહેસાણા જિલ્લાના લાડોલ સ્થિત હરિસિદ્ધિ શક્તિ પીઠ ખાતે દિવાળીની રજાઓ દરમ્યાન 70 હજારથી વધુ ભક્તોએ લીધા માતાજીના દર્શનનો લાભ લીધો હતો. બીજી તરફ સુરત શહેરના સરથાણા નેચર પાર્કમાં 8 દિવસમાં 80 હજારથી વધુ મુલાકાતીઓ ઉમટી પડ્યા હતા.

---

## BOTAD MEDICAL CAMP

બોટાદ તાલુકાના રોહીશાળા ગામે રોહીશાળા યુવા સંગઠન દ્વારા સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ યોજાયો. જેમાં જુદા જુદા રોગોના ડૉક્ટરો દ્વારા દર્દીઓનું નિદાન કરી તેઓને વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી. ડૉક્ટર ધર્મેશ કાવરાએ વધુ માહિતી આપી.

## (બાઇટ- ડો.ધર્મેશ કાવરા)

---

## MEN'S CRICKET ODI

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એકદિવસીય ત્રણ મેચોની શ્રેણીની અંતિમ મેચ આજે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. મેચ સવારે નવ વાગ્યે શરૂ થશે. ગુરુવારે

એડિલેડમાં બીજી મેચમાં ભારતનો બે વિકેટથી પરાજય થયો હતો. ઓસ્ટ્રેલિયા શ્રેણીમાં 2-0થી આગળ છે.

---

## KHEDBRAHMA HEALTH SERVICE

દિવાળીના પર્વ દરમિયાન સાબરકાંઠાના આદિજાતિ વિસ્તાર ખેડબ્રહ્મા સબ જિલ્લાની હોસ્પિટલમાં ફક્ત 24 કલાકમાં 24 સુરક્ષિત પ્રસુતિઓ સફળતાપૂર્વક કરવામાં આવી છે.

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ જણાવે છે કે વનબંધુ વિસ્તારોમાં વસતા નાગરિકોને ગુણવત્તા યુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરા વવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ડોક્ટરો નર્સિંગ સ્ટાફ અને આરોગ્ય કર્મીઓની અવિરત સેવા ભાવનાથી માતા અને નવજાત બાળકની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે . હોસ્પિટલમાં સમયસર સારવાર જરૂરી દવાઓ અને તબીબી દેખરેખ ઉપલબ્ધ હોવાથી સફળતાપૂર્વક પ્રસુતિઓ કરાવવામાં આવી છે.

---